શ્રી

ભરત--ભદ્રા

નાટકનાં ગાયનો.

[illegible]ાંઢવના દરબાર શ્રી જીતસિંહજી મહારાણાશ્રીત.
શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કમ્પની માટે

રચનાર

રાવળ ઉમીયાશંકર રામચંદ્ર

અને

આચાર્ય. મયાશંકર જયશંકર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રાવળ શિવશંકર રામચંદ્ર

શ્રી વાં. સ. બો. ના માલીક નડીયાદ

આવૃતી પહેલી—પ્રત ૧૦૦૦—સને ૧૯૧૧

અમદાવાદ પાનકોરને નાકે મનહર પ્રિન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યા.

કીમ્મત બે આના

મુખ્ય મુખ્ય પાત્રો.

ભરતસિંહ--પરાક્રમસિંહનો કુમાર.

ભદ્રા— અભેદસિંહ (ભેદુ) ની પુત્રી-ભરત૦ ની રાણી.

નાહારસિંહ-ગજપુરનો હાલનો રાજા

ભેદુ —(અભેદસિંહ) બ્હારવટીયો

ભાનુસિંહ--ભારતી નગરીનો રાજા.

મોજીલાલ-- નાહારસિંહનો દીવાન

ચંદ્રસિંહ-- નાહારસિંહનો ન્હાનો ભાઇ

ખુશાલીયો-મોજીલાલનો ખુશામતીઓ [illegible]લો.

ભૂધરભટ્ટ-- દીવાન મોજીલાલનો જમાઇ

શિયળવતી-ચંદ્રસિંહની રાણી

ઝવરી-- એક વેરાગણ

જયા-- મોજીલાલની પુત્રી. ભૂધરભટ્ટની ભાર્યા

તે સિવાય—સખીયો, પ્રધાનો, બ્હારવટીયા, સિપાઇ, કોટવાળ, ડોશી, ગરોળો, ચોપદાર, દરબારીયો, ડોકટર, વૈદ વીગેરે વિગેરે.

નાટકની શરૂઆત પૂર્વેની વાર્તા.

ગજપૂર પાટણના રાજા પરાક્રમસિંહ. એક ન્હાના રસાલા સાથે જાત્રા કરવા નીકળેલા. તે કાશીપૂરીમાં આવી ગંગાજીને કીનારે એક સુંદર મ્હેલમાં આવી રહ્યા. ત્યાં કુંવરના બાળકેલ ઉતરાવી ભરતસિંહ નામ પાડ્યું. રાત્રીને સમયે નાહારસિંહ નામના સરદારના મનમાં રાજ ભોગવવાના લોભથી દુષ્ટ ધારણા ઉદય થઇ જેથી લાગ જોઇ ઊંઘતા રાજાના પલંગ પાસે જઈ કટાર મારી પાર પહોંચાડ્યો, અને રાણીને પોતાની દુષ્ટ ઇચ્છા જણાવી પોતાની થવા કહ્યું. રાણીએ ઘણા કાલાવાલા કરી સમજાવ્યો પણ પાપી નહીં સમજતાં તેના નવ માસના કુમળા કુમાર ભરતસિંહને પકડી પાણીમાં બારીએથી ફેંકયો અને રાણીપર બળાત્કાર કરવા દોડયો. ત્યારે રાણીએ શિયળ સાચવવા ગંગાજીમાં ઝંપલાઇ પ્રાણ અર્પણ કર્યો—નાહારસિંહે પોતાના હાથથી રાજ ગાદીનું વસીયતનામું પોતાના નામનું કર્યું. અને રાજાના નામની સહી કરી બહાર આવી દીલગીરી બતાવી અને રાજા રાણી તથા કુંવરના મરણની જુઠી વાત ગોઠવી બધાને સમજાવ્યા પણ ખખડાટથી અભેદસિંહ સરદારે ખરી વાત જાણી લીધી હતી.

•

અભેદ૦ વાત જાણે છે એવી ખબર થતાં નાહારસિંહે તેને રાજદ્રોહનો આરોપી ઠરાવી તેની માલ મીલકત અને પુત્રી ભદ્રા પોતાને કબજે કરી અભેદને ગરદન મારવા મારાને સોંપ્યો જે મારા

પાસેથી કાલાવાલા કરી બચ્યો અને ભેદુ નામ ધરી તાડારસિંહપર બ્હારવટુ કરવા લાગ્યો.

બારીમાંથી ફેંકેલો કુમાર ભરતસિંહ નીચે સ્નાન કરતા જયમલ્લ સરદારના ખોળામાં આવી પડયો જેને જયમલ્લે ગુપ્ત પણે ઉછેરી મ્હોટો કર્યો જે હાલ વીસ વરસની ઉમરે નાટકના તખતાપર દેખાશે ભદ્રા પણ હાલ પંદર વરસની વયની થઈ છે. જે હાલ સખીઓની સાથે બાગમાં ફરતી દેખાશે. અહીંયા નાટકની શરૂઆત થાય છે.

श्री

ભરત-ભદ્રા નાટકની પ્રવેશવાર ટુંક હકીકત

મંગળાચરણ.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—બગીચો-સખીઓ સાથે ક્રીડા કરતી ભદ્રા એક નેત્રાસનપર આરામ લેતાં નીદ્રાવશ થાય છે, ત્યાં ભરતસિંહ પાળક પીતાના અવસાના સમયના "હું તારો પીતા નથી પણ આ તરવાર તારો સાચો પીતા બતાવશે" આ વચનના વિચારમાં અહીં આવી ચડે છે નીદ્રાધીન ભદ્રાને જોતાં મોહીત થાય છે. બીજી બાજુથી એક સાપ ભદ્રાને ડસવાની તૈયારીમાં છે. ભરત૦ તે સાપને તરવારથી મારે છે. ત્યાં મોજીલાલ અને ખુશાલીઓ આવી બાળાપર બળાત્કાર કરવાનો આરોપી ગણી ભરતને પકડવા ધાસ્તી બતાવે છે, પણ ભરતસીંહના ભયથી રાજા પાસે ફરીયાદ કરવા જાય છે. ભદ્રા જાગૃત થતાં, પ્રથમ પ્રેમ બંધન.

૨—-રસ્તો-પ્રપંચ-અને દગાથી દુનિયાને ઠગી દીવાન બની મોજ માણવાના વિચારમાં ધૃષ્ટ બનેલા અને ઇંગ્રેજી ભણેલા મોજી-

લાલ અને સંસ્કૃત ભણવામાં ચળી ગએલા ભૂધરભટ્ટ જામાત્રનો મેળાપ.

૩—નાહારસિંહ રાજા ભદ્રાને વરવાની નીચ ધારણામાં—મોજીલાલ અને ખુશાલીયાનું આવવું. બગીચામાં બનેલી હકીકત કહેવી. નાહારસિંહનો ક્રોધ મોજીલાલને દીવાનપદ. ચંદ્રસિંહનું આવવું. ભદ્રાને વરવાની વાત જાહેરમાં મુકવી. ચંદ્રસિંહનું સમજાવવું. નાહારસિંહ કોપાયમાન ચંદ્રનું ચાલ્યા જવું. પછીથી ભદ્રાને બોલાવી પોતાનો દુષ્ટ વિચાર કહેવો. ભદ્રા ના કહેવાથી નાહારસિંહ કોપાયમાન થઇ ભદ્રાને જુતીયા મહેલમાં કેદ કરવાનો હુકમ.

૪—દીવાનનું દીવાનખાનું—અધિકારમાં ઉન્મત્ત બનેલો મોજીલાલ નોકરોને મારકુટ, કૃતઘ્ની માલિકનો દાખલો મોજીલાલ દારૂ પી બેભાન ખુશાલીયા સાથે ઝવરીને ઘેર જવું. ભૂધરભટ અને જયા ભટ તેડી જવાની રકઝક. સ્વતંત્ર બીજાજની જયા વેદીયા ઢોર ભટ સાથે જવાની ના. ભટ નીરાશ અને ઘર પ્રતી પ્રયાણ.

૫—શિવલાય. વૈરાગણના વેશવાળી ઝવરી ખવાસણ—ચંદ્રસિંહનું દરશને આવવું. ઝવરી પુરૂષનો વેશ પહેરી ચંદ્રને છેતરી વચન લેવું. સ્ત્રી વેશે જાહેર પડી પ્રેમની માગણી—ચંદ્રસિંહ તેને ધીઃક્કારી ચાલ્યો જાય છે. ઝવરી વેર લેવાની ધુનમાં મોજીલાલનો મેળાપ ચંદ્રને ખરાબ કરવાની સંતલસ કરી છુટા પડવું. ભૂધર ભટ અને ઝવરી વેદીયા ભટની ગમ્મત.

૬—નાહાર૦ નો ખાનગી અવાસ—નાહારસિંહ ભદ્રાને પોતાની કરવાના વિચારમાં કોચપર નીદ્રાધીન, મોજીલાલનુ આવવું. કટાર મારી નાહાર૦ ને પાર કરવાની ધારણામાં કટાર ઉગામવો પણ પાછળથી

ચંદ્રસિંહ આવી બંદુકના બહારથી કટાર ઉડાવી રાજાને બચાવવો. નાહારસિંહનું જાગવું મોજીલાલ વાત બદલી ચંદ્રસિંહપર આરોપ મૂકવો. ઝવરીનું આવવું. બળાત્કાર ચંદ્રસિંહપર ફરિયાદ. રાજાનો વધુ ગુસ્સો. ચંદ્રસિંહને ધિઃક્કારી કાઢવો. મોજીલાલ ભરતને પાર કરાવવા મારાને લઇ જવું. નાહારસિંહ ભદ્રાને ફસાવવા ભુતીયા મહેલ પ્રતી ગમન.

૭--ભુતીયો મહેલ--ભદ્રા પુરૂષનો વેશ પહેરી ભરતસિંહને મળવા છુપે વેશે જવું. પાછળથી ભેદુ બહારવટીયાનું ભુતના વેશમાં આવવું બીજી બાજુથી ભરતસિંહનું આવવું. બહારવટીયાનો મેળાપ. ભરતસિંહનો ખરો પીતા કોણ છે તે જણાવવાનું વચન સ્ત્રી વેશે ભરત૦ અને નાહારસિંહનો ભેટો પણ પછીથી જાહેર ભુતને જોઇ નાહારસિંહ ભયભીત.

૮--ભરતસિંહનો મહેલ--પુરૂષ વેશ વાળી ભદ્રાનું આવવું, ભરતસિંહને નહીં જોવાથી નીરાશ થઇ એક દોહરો પૂર્ણ કરી સુવું મોજીલાલનું આવવું. ભદ્રાને ભરતસિંહ સમજી ઉંઘતી ઉપડાવવી, અને ઠાર કરાવવા મારાને સોંપવી. મોજીલાલ અંદર તપાસ. પાછળથી નીરાશ બનેલા ભરતસિંહનું આવવું બહારવટીયાના માણસનું આવી મળવું. મોજીલાલને જોતાં દારૂ સળગાવી મોં કાળુ કરવું અને જવું. વેરમાં ધુધવાતો નાહાર૦ મોજીલાલને ભરત૦ સમજી માર પણ ખબર પડતાં પશ્ચાતાપ.

ડેબલો,

બીજો અંક.

૧--જંગલ--બાહારવટીયાનો પાહાડી કીલ્લો--ભરતસિંહ--નીરાધાર અબળાનો પોકાર સાંભળી વારે ધાવું, અને બહારવટીયાના પંજામાંથી છોડાવવી. તેને પુછતાં તે ભાનુસિંહ મહારાજાની રાણીને ઓળખવી. અને ભારતી નગર મુકવા જવું. પાછળથી ભદ્રા અને મારાઓ બહારવટીયાની બુમ સાંભળી મારાનું નાશી જવું. ભદ્રા ઊંઘમાં--અચાનક લડાઇની બુમ--ભાનુસિંહ મહારાજાના લશ્કરનું આવવું--લડાઈ થતાં પુરૂષ વેશવાળી ભદ્રાને બહારવટીયો સમજી પકડી ભારતી નગર લઇ જવી.

૨--નાહારસિંહ-ભદ્રાના વિયોગમાં બહાવરો મોજીલાલ નીચ સલાહ. ચંદ્રસિંહનું આવવુ, રૈયતપર જુલમ ન કરવા સમજાવવો અને ભાનુસિંહનો પત્ર. નાહારસિંહનો ગુસ્સો. ચંદ્રસિંહ નાહાર૦ નું મુખ હવેથી ન જોવાની પ્રતિજ્ઞા લઈ જવું. પાછળથી ચંદ્રસિંહને ઠાર કરવાની સંતલસ. મંદવાડનો ફરેબ સન્નેપાતનો ઢોંગ.

૩--શીવપૂજન કરતો ચંદ્રસિંહ રાણી શિયળવતી રાજાની બીમારીની વાત ખુશામીયાનું આવવું--ચંદ્રસિંહ. પ્રતિજ્ઞા ભુલી શિયળવતીને તરછોડી નાહારસિંહને જોવા જવું.

૪--ભારતી નગરનો રસ્તો--ભાનુસિંહ રાજા છડી સ્વારીએ ભૂધરભટનું મળવું. રાણી રમાદેવીને કુમાર અવતરવાની વધામણી લઇ ભરતસિંહનું આવવું. ભરતસિંહને વધામણીની પેરામણીમાં સેનાપતીની પદવી અને પારિતોષ શહેરમાં સાકર વહેંચાવવાનો હુકમ

૫--માંદગી ભોગવતો-નાહારસિંહ ખાટલાવશ દરબારીઓ ડોક્ટર અને વૈદનું ઘેરો બેસવું ભોળા ચંદ્રસિંહનું ભાઇને જોવા આવવું. નીચ નાહારસિંહ તેને બાથમાં લઇ કટાર મારી ઠાર કરવો. વાત બદલવી અને દીલગીરીનો ડોળ.

૬—ઝવરીનુ મકાન પ્રપંચતામાં પ્રવિણ ઝવરીનું ફુલવુ-ખુશાલીયાનું આવવું. અને ફરેલી ગપગોળો ગબડાવી ઝવરીને નસાડવી-મોજીલાનું આવવું. ખુશાલીયો ઝવરીના વેશમાં ગુપ્ત વાત જાણી લેવી. પાછળથી જાહેર મોજીલાલ ખુશાલીયાનું નીકંદન કાઢવા એક ચીઠ્ઠી આપી ભારતીનગર મોકલવો પોતે ઝવરીની શોધમાં જવું.

૭—ચંદ્રસિંહનો મહેલ-વિધવા શિયળવતી અને તેનો ન્હાનો ભાઇ શૌર્યસિંહ નીદ્રાધીન ત્યાં દુષ્ટ દીવાનની સાથે ન્હારસિંહનું આવવું. શૌર્યસિંહ જાગ્રત ન્હારસિંહના હાથથી સૌર્યનું મૃત્યુ. શિયળવતીપર બળાત્કાર કરવા ન્હારસિંહની તૈયારી શિયળવતીનો બોધ ન્હારસિંહનું સમજવું. પાપને માટે પશ્ચાતાપ પાછળનાં પાપો યાદ આવવાથી નાહાર દીવાનો મોજીલાલના હાથે ન્હાર૦ કેદ.

૮—જંગલ-ખુશાલીયો-અને સુદરભટ્ટ-ભૂધરને ઉંધુ સમજાવી કાળુ મોં કરાવી ગજપુર મોકલવો. પછીથી ઝવરીની પરિક્ષા કરવા ઢોંગ ઝવરી-ખુશાલીયાનું છુટા પડવું.

૯--જેલ-ભદ્રા-બ્હારવટીયા વેશે-હીરાલાલ ભદ્રાપર આશક ભદ્રાના કટારથી મૃત્યુ-રાજાનુ આવવું. ભરતસિંહ સેનાપતીને ખુની બ્હારવટીયાંને ગરદન મારવાનો હુકમ ભરતસિંહ ઠાર મારવા જતાં ભદ્રાની પીછાન-પતિપત્નીનો મીલાપ.

૧૦--ભાનુસિંહનો ખાનગી અવાસ-ખુશાલીયો-પત્ર લઇ આ-વવું પત્ર લાવનારને ગરદન મારાવશો. આવો પત્ર વાંચી ખુશાલી-યાને ગરદન મારવાનો હુકમ. પણ પ્રપંચતાથી ખુશાલીયાનું છુટવું. જવું ભરતસિંહ અને બ્રાહ્મણીના વેશવાળી ઝવરી-ઝવરીને પોતાને ઉતારે લઈ જવી.

૧૧--ભાનુસિંહનો દરબાર-નાહાર દીવાનો થઇ ગએલ છે એવા ખબર ભાનુસિંહ ગજપુર જવા તૈયાર-નાચ.

ત્રીજો અંક.

૧-મહાદેવનું પુજન કરતી ભદ્રા—અને ઝવરી-ભરતસિંહનું આવવું. ઝવરી હીસ્ટીરિયાનો ઢોંગ કરી ભરતસિંહને વળગી પડવું. ભદ્રાને વ્હેમ ભરતસિંહ સમજાવી શાન્ત કરવી-ગજપુર જવાનીતૈયારી.

૨—ભદ્રનું ઘર-વ્હેરી ડોશી ખુશાલીયાનું આવવું--ભુધર-મરી ગયાના અને તે ભુત થયાના ખોટા ખબર દઇ જવું. પાછળ-થી ભુધરનું કાળુ મોં કરી આવવું ભુત સમજી ડોશીનું નાસવું પણ ખરી વાત જાણતા આનંદ.

૩--જંગલ-ભરત-ભદ્રા અને ઝવરીનું આવવું. ભદ્રાને અને ઝવરીને ત્યાં મુકી ભરતનું જવું. પાછળથી ઝવરીએ ભદ્રાને કું-ડમાં હડસેલી પાડવી. અને પોતે ભદ્રાના વેશમાં બેસવું. ખુશાલીયો આવી ઝવરીને ભદ્રા સમજી ઊપાડી જવી. પાછળથી બે વ્હારવટીનું આવવું ભદ્રાનો પોકાર સાંભળી બ્હાર કાઢવી અને પોતાના સરદાર

ભેદુ પાસે લઇ જવી. પછીથી ભરતસિંહ ત્યાં આવી જોતાં ભદ્રાને નહિં ભાળવાથી નીરાશ.

૪—ગજપુરના રસ્તાપર ભેદુ બ્હારવટીયો જોગીવેશે માણસો સાથે મોજીલાલ રાજાને વધુ દીવાનો બનાવવા જોગીઓને લઇ જવા ભરતસિંહ મુસાફરના વેશમાં મોજીલાલ ભરતસિંહને ગરિબ સમજી ગજપુરની ગાદીએ બેસાડવા લઇ જવો.

૫--દીવાનોના હાર-જોગીવેશે અભેદ (નાટક પૂર્વેની વાર્તા) ભેદ ભાંગતાં નાદાર૦ સાજો અને પોતાના પાપની માફી માગવી પણ એજ હાલતે કચેરીમાં જવું. આ બધી વતી ભરતસિંહે છાની સાંભળી લખી લેવી.

૬--રસ્તાપર-ખુશાલીયો અને ઝવરી-એક બીજાને છેતરપંડી ઓળખતાં એનાં એજ.

૭--દરબાર-ભાનુસિંહની હાજરીમાં-ભેદુ બ્હારવટીયાનું-અભેદસિંહ રૂપે જાહેર પડવું. ભરતસિંહની ઓળખાંણુ લખેલી હકીકતથી સર્વનો ભેદ ભાગવો. ખુલાસો થતાં ખરા હકદાર ભરતસિંહને રાજ્યાભિશેક દુષ્ટ દીવાન મોજીલાલને કેદ પાપીઓને પાપની સજા ભદ્રાનું આવી ભરતસિંહને ભેટવું-આનંદની અવધી અને ખેલની સમાપ્તી.

———:૦:———

ૐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રી ભરત--ભદ્રા નાટકનાં ગાયનો

મંગળાચરણ.

સૂત્રધાર— ૧

વન્દુ વીભુ અશરણ શરણુ મોરારી.
માગું મૃદભરી વિમળ વાણી દે ગિરિધારી— ટેક
ચક્રપાણી ચારૂ ચરણે ચિત્ત ધરી નિત યાચું,
અવિનાશી ભવ ફાંસીથી બચવા તવ શરણું સાચું—વં.
આનન્દ કન્દ વૃજચન્દ્ર દયાનીધિ.
શુભ મતિ દીયો અતિ (૨) કૃતિ કરો રસવતિ અવિકારી.વં.

નટી— ૨

ધરા ધર્મ ધારી ધીર દંપતીને ધન્ય ધન્ય
પર્મ પ્રેમી જોડીઓ પ્રીયા પતિને ધન્ય ધન્ય-ટેક
પતિવૃત પાળે પૂર્ણ પ્રેમ પ્રાણ પ્રમાણ.
શિર જાતાં રાખે શીયળ ધન્ય તેહુ સુજાણ- ધરા.
વાલમા છે વિશ્વમાં વિજય વિજય
નીતી ન્યાયે ધર્મ રાહે ચાલતાં નિત્ય
કરે વીભુ નેકી ટેકી જય— ધરા.

પહેલો અંક.

સભા તથા સખીઓ-- ૧

ધીરી ધીરી ચાલે સાહેલી શાણી ચાલો.
હળી મળી આલી અલેતી બાળા મ્હાલો.—ટેક
નવજોબન બા તમ સમ ખીલી રહેલી,
વેલી ભાળો, નેણ ઠારો, વા રૂપાળો, બાગ સારો. ધીરી૦
સુખકર સમીર જગાવે જબર સ્મર
મરમાળો, મદવાળો, લટકાળો, કામકાળો.— ધીરી.
જો જો મતવાલો મધુકર રસ પી પી નાસે
ગુંજારવ કરતો ગુલાબ કળીને વિકાસે
આહા મદ વેલી પેલી માલતી લત્તા નવેલી
વિકસેલી, હરખઘેલી, સૌ નીહાળો. ધીરી.

૨

ખીલી વસન્તે ફુલવાડીઓરે ખીલ્યાં વન ઉપવન
વનરે ખીલ્યું જોબન અંગ અંગમાં--
જોતાં કુસુમિત કુંજ (૨) કુંજરે નાચે મદન તનમનમાં-ટેક
વિકસાવે વ્હાલી કળી, ભ્રમર કરી ગુંજાર
વચમાં આવી વલ્લભા, વીયોગ હૈયા હાર
કોયલડીરે વેરણ થઇ બોલે, કોરે કાળજડું કીલ્લો લેજીરે
મીઠી મેનાઓ મીઠુડે શોરે, ચડાવે ચિત ચકડોળેજીરે.

રમે રસિલા પંખી સંયોગે, ઝુરે વાલમ વિણ વામા વિયોગે.કો.
ઉભરાયું પૂર જોસમાં, જોબન સરિતા પુર
રોકયું ના રોકાય આ, સ્વામિ સાગર દૂર
પ્રીતમ પ્રેમ રસ પ્યાસી પંખીણી, સુંદર શીદ તલસાઓ
છો જીરે.

સલુણા શ્યામાથી દૂર શીદ જાઓ છો
ફુલી અલબેલડી ફુલે આ વેલડી
કામાને શિદ કરમાઓછો જીરે.
વનિતા વ્યાકુળ વીરહે, ભુલી શુદ્ધ બુધ લાજ
ચાલી ચતુરાં ચોંપથી, મોહન મળવા કાજ.
વિંછુડે ફટકાવ્યો [૨] હાયરે મરૂં વ્હાલા હાયરે મરૂં
આવો સાસુના જાયા શામ હો નાથ—વિંછુડે,
ઉતારો વેગથી વીષ વાલમજી, કામ મંત્ર જંત્ર ભણીનેજી,ણી

ભદ્રા— ૩

છોગાવાળા છેલા અલબેલા રાજકુમાર
પહેરો પ્યારા પ્રીતે પ્રેમ તણી આ વરમાળ
ભરત—વા વા રસભરી વશ કર્યો સુંદરી સુજાણ.
વારૂં તમપર તન મન ધન પ્રીયે પ્રાણ—ટેક
ભદ્રા—દિલ હર દાસીને નહિ છોડશો, મુખ નાં મોડશો, ના
તરછોડશો.

પ્રીત ના તોડશો, ચિતમાં ચોડશો, જીવ માં જોડસો,
હૈયાના હાર. (૨)
ભરત—ચિતડુંર ચિતડા તણી ચોર છો, જીવન દોર છો,
રસની છોળ છો.
રતીની જોડછો, કાળજ કોરછો, પ્રેમનો છોડછો, પ્રાણાધાર(૨)
ભદ્રા—ધન્ય ધન્ય કામ કુંવર વર પરણી
ભરત—વા, વા, પામ્યો હું ચંપકવરણી
ભદ્રા— રંગ રસ રેલી રહી સરિતા ધરણી
ભરત—જય જયકાર થયો મન હરણી
ભદ્રા—રંગીલા, છબીલા ના ભુલશો દિનદારા
ભરત—સલુણી સુંદર છબી ઉતારી ઉર મારા
બુધરભટ— ૪
આહાહાહા, ઓહોહોહો (૨) તેડી લાવું જુવતી
રૂમઝુમ રૂમઝુમ ઘુમઘુમ ઘુમઘુમ ઝાંઝરો ઝણુકતી
ઘુમઘુમ ઘુમઘુમ ધમધમ ધમધમ ચાલતી ચટકતી—ટેક
વા. વા, વારે મૃદુમૃદુ હસતી,આહા આવે વાત્રાવાત્રાવદતી
રસભરી રામા રમતી ગમતી—આહાહાહા.
ચંદ્રસિંહ— ૫
ધિ:ક્કે ધિ:ક્કે ધિ:ક્કે દુરજન પાપી ઓ. (૨)
આવા અધરમ કરમે થઈ રાજી રાજી, હાજી ભણુનારખતી
દયાહીન દુષ્ટ પાજી, ખાય જેનું ખાંતે-તેનું શીરકાપે-ટેક.

હૃદય ઝેર જીવ્હાગ્રે સાગર–દેખાડી દુધ પાય હળાહળ
શ્વાન થકી પણ નીચ નીમક હરામ—ખાય૦ ધિક૦
સ્વાર્થે સમીપ પરાર્થે પાછળ,સ્તુતિયે, છેલા નિંદામાં આગળ
ભોળાને ભુલાવે આવા ખુશામતી બદનામ–ખાય૦ ધિક૦

ભદ્રા—

૬

વ્હાલા વિશ્વાધાર મારી વારે શ્રીહરિ છે.
રક્ષા ગર્ભવાસે જેણે જઠરે કરી છે—   ટેક.
હું,તમે,પ્રાણીસર્વ તણો પીતા જે છે પાલનહાર,સત્યસાહાયકાર
ધાયા નરસિંહ બની, પ્રલ્હાદની પીડા ગણી.
દયા આણી શલ્યાની અહલ્યા કરી, એ સરજનહાર–વારે.
ટીંટોડીનાં તન વળી, સાચવ્યાં સાગર મહીં
દવમાંથી હોલાહોલીને બચાવ્યાં એ સર્વાધાર— વારે
કેદ કારાગ્રહે કરો, કે કદી પાતાળે ધરો
અગ્નીમાં ધરો કે જળશાયી કરો, તોય તરણ તાર–વારે.

૭

જયા—જાઓ (૩) નહીં અવાય બસ જાઓ
ભૂધર—પાયે પડું ભલી થઇ ચાલ્યને—ટેક
જયા—મારી મરજી તમ થકી નહીં ઉપડે, હીરા જડયા
દાગીના તમ ઘેર ન જડે

આજ ખુબીદાર મન માન્યાં ન મળે, નારે આ મારી તબી-
યતા ઠાલી બગડે

ભુધર—હીરા મોતીને સોને મઢાવીશ, કહીશતો શાસ્ત્રપૂરાણેદટાવીશ
ભોજન કરતાં માખીઓ ઉડાડીશ, તાબેદારી પૂરેપૂરી ઉઠાવીશ
પણ ચાલ્ય મદમાતી ધીરજ નથી ધરાતી—

જયા—શાણી સુધરેલી હું ને તમે અનાડી, એ બંન્નેનેકયાંબને

ભુધર—ભણ્યો છું પુરાણ, થયો વીદ્યાવાન

જયા—વેદીયા હેવાન, ઢોરના સમાન

ભુધર—કેમે કરી માન—જાઓ

ઝવેરી— ૮

લટકાળી લલના લટકાનાં નર વાનર ગુલામ છે ટેક
મુખડું જોવા મર્કટ પેઠે, નાચે નારી પાસ
દ્રષ્ટી સાંધી દારા જુવે ત્યાં નરનારીના દાસ લટ૦
પ્રેમદાના પાંપણ પલકારે પથ્થર સરખા પાણી,
નાજુક નખરે સ્પર્શ થતામાં તપ કરે ધુળધાણી. લટ૦
ભાન ભુલ્યા ભામા ભૂજંગે ભલા ભલા નર જાત
ઇંદ્ર, પરસર શંકર શૃંગી વિશ્વામીત્ર પ્રખ્યાત. લટ૦
નારી નખરે લોટપોટ બની લાખું થયા ખુવાર
ધીરવીર બ્હાદુર બંકાની પ્રમદા પાસે હાર—લટ૦

ઝવેરી— ૯

સમજ (૨) કાંઇ સમજ હઠને તજ, શીરકાં ગુમાવે નાદાન

ચંદ્ર—પડમાં(૨)અ તુ નર્ક કુવે પડમાં ધર્મ સાટે સીરકુરબાન.ટેક
ઝવરી—શું તલસાવે કામ સતાવે, ભોગી સુભાગી ભેટોભાવે
ચંદ્ર—દુર જા દુત્તી, ઓ જગ ધુત્તી, કુભાંડી કળીની કુત્તી.
ઝવરી—અનંગ આગ લાગી છે પ્રીયે જોબનરસ પા
ચંદ્ર—જોબન ચાર દીવસ ખાલી શીદ ખડ ખા
ઝવરી—શું ધનવંતી જોબનવંતી ભોગી ભેટી જા.
ચંદ્ર—નાશવંત જરજીવન દેખી ફોકટ કુલેકાં.
ઝવરી—માન હેવાન ખોઇશ જાન.
ચંદ્ર—સત્યે નિદાન, આ તનને પ્રાણ સર્વ કુરબાન—

૧૦

ઝવરી—જા જા બણુચક જા ખસ દુર થા, અણુધ બુડથલ
અહીંથી હઠ જા.
ભુધર—કાં ફાંરે રસીલી કાં, પ્રેમરસ પા, શ્રંગાર શાસ્રોક્ત
આવ્ય માણવા—ટેક.
રસ અલંકાર, કોકશ્રંગાર, જાણુંછુ હું નાર. કરીજોતું પ્યાર.
ઝવરી—વા; પંડિતજી પાકા પશુના સમાન છો, પણ શીંગ
પુંછની છે હજી સીમા.
ભુધર—પુંછને બદલે આ સુચ્છ છે ગુછાદાર, શિંગને બ-
દલે શીખા. ભેટી તું જા (૨) છેટી ન જા જોબનરસ પા.
ઝવરી—જોબન રસમાં જડશે જુતીયાં.

ઝુઘર—હો માર જુવીયાં ઉભો હુઆ પણ રસ બસ કર
    રસીલી તું રસમાં-

ચંદ્રસિંહ— ૧૧

કળીબળ આ જોઝે જગે. ભુપર ખળનો જય થાયછે. ટેક.
ન્યાય નિતિ ન જાણે રાજા, આંખે અંધને કાને કાચા.
મરે રંક ભોળાને સાચા, જગ જુઠા જીતી જાય છે-કળી.
ખુશામત ખટપટ જો આવડે, નીચ ઉંચે અધિકારે ચડે
પ્રપંચહીન પંડિત રખડે, ગમાર ગુણવાન ગણાય છે-કળી.
ઢોંગ ધતીંગને ફેલ મચાવે, દીગંબર બની ધ્યાન લગાવે
જંત્ર મંત્ર વશી કરણી કહાવે, તે પ્રભુ થઈ પુજાયછે-કળી.
અનાચાર ઉત્તમ કુળમાંહે, વેશ્યા સાધવી સતી ગણાયે
કુલીન કાન્તા નીચ નરને ચાહે, ધરાધર્મ લોપાય છે-કળી.
પ્રજા બની મધુપાની જુગારી, દસ વર્ષે વ્યસની વ્યભિચારી.
નહિ ખાવાનું ખાય અનાડી પ્રપંચની પોથી ભણાયછે-કળી.

નાહારસિંહ— ૧૨

આહાહાહા આહા ! પરીવારે વા સુંદરી વા.
વા વા વા વા મદભરી વારે રસભરી વા.
પા પા પા પા પ્રેમરસ પારે રતીરસ પા.
દેદે આલીંગન આવું ચુંબન વાવાવા જોબન-વા.
જાઉં ભોગી થાવા કામ આગને ઓલાવા.
બેઠું ભલા આહા. વા. વા. વા.

ભદ્રા--　　　　૧૩

સાહાયે શ્રીહરી આપજો બોગીને બેટતાં (૨)
બાળા તણું જર જીવન, રતન.
શોધતાં સ્વામીને પ્યારા પ્રભુ બહુ નામી-　　　સાહાયે.
શિયળવૃત સાચવજો સ્વામી, વારવાર વિનવું શિરનામી. સા૦
મદનસુંદર મનોહારી રસિકવર હૈયાહાર મેળવજો મનહર. સા૦
વાલમવિણુ દમયંતી જેવી નીરાધાર ટળવળતી હું તેવી. સા૦

ભરતસિંહ--　　　　૧૪

ભદ્રાભામીની તુજ વિના ક્ષણુ નહીં ભરત વિરામશે,
ટળવળતી તન તજુ તારૂણી, જીવતો નર ભદ્રા પામશે.

નાહારસિંહ--　　　　૧૫

થાય આમ હેરાની, સાહસેરે બદનામી;
સર્વ—પીટાયછે પાપીયા પોતા તણે પાપે હરામી-ટેક.
નાહાર૦-જાય શું જીવ જાની ઝેર હાય જીંદગાની.
સર્વ--કુડ તણે મુખ ધુળ આમ સત્યે સહાય બહુનામી.
નાહાર૦-પાપી ભરતને બસ પકડો, ઝટપટ બાંધોને જકડો
મારો પછાડોને ધસડો, કાપી કરો કકડો કકડો.
હાય છેતરી લઈ જાય સુંદરી-
બાંધીપકડી જાઓ જકડી, લાવો બસ બસ દિલજાની

બીજો અંક.

ભરતસિંહ— ૧૬

જીવ તું કાં જાય હારી, દશાના રંગ નીહાળી
હરિ હરથીના ટળ્યા, લલાટના લેખ,
વજરતણી મેખ, ફેરવવા દેખ, મથી ગયા છેક હારી—ટેક.
પાંડવ સરખા દશા ચાક પર ચડી પડયા,
શ્રીકૃષ્ણ સરખા છતાં વન વન રખડયા.
રાય તેહ રંક થાય, રંક રાય થાય છાંય પલમાંય
વેળાનીછે બદલનારી રહે ધીર ધારી.— જીવ૦
નરેશ નળની દશા પલટતાં પેઠો કળી
જુગાર રમીને રાજ ગુમાવ્યું બુદ્ધિ ગૈ ફરી
દમયંતી તજી દઇ દગે વસ્ત્ર લઇ ભમ્યો રાનમહીં
ધરતું હૈયે હામ ભારી સાહાય છે મોરારી.— જીવ૦

ચંદ્રસિંહ— ૧૭

કામાન્ધ તમને મદાન્ધ તમને ધિક્ક દૂરમતી પાપી અતી અતી
પાપાન્ધ તમને ધર્માન્ધ તમને ફટ્ટ ફટકતી લાજ નહિં રતી—
હાયરે હેવાન કરી મધુપાન ભ્રષ્ટ ભુલી ભાન ધરી અભિમાન
ધરે ન ભીતી કરો કામી અનિતી રૂડી રામા દેખી લેલાજ ભુપતી
દામ દે દીવાન પ્રજા ધન હરે, ઘાલી મોટી ફાંદ ઉંચી ખાંધેફરે
નોકરીદે ભેટ ભારે જે ધરે, વિના વાંકે રાંક પ્રાણ પરહરે

ઓ નરાધમ પાપીયા પુરપતી, મુખ તારૂં આજથી
હાય જોઉંના કદી સત્ય પ્રતિજ્ઞા વદી જાઉં છું ઘર પ્રતી.-કા.

ખુશાલીયો— ૧૮

ભાઇ જોઇ લ્યો જગતમાં આ વખ્ત ફાવે પાપીયા
ધર્મીને ત્યાં ધાને સાંસા છત્ર શીરે પાપીયા. ટેક.
સાચાને શિર મારછે ભાઇ મોજ માણે પાજીયા
ભીખ માગે સત્ય વાદી ગાદી તકીએ હાજીયા- ભાઇ૦
પ્રમાણિકને લાત પાટુ માન ચુગલી ચાડીયા
સંત હંસ પીટાયને સેવાય હીંસક હાડીયા- ભાઇ૦
ભોળાનો સંહારને જાકાર વિશ્વાસ ઘાતીયા
હારે આબરૂદાર જીતે ઠાંઠ કપટી કાતીયા- ભાઇ૦
ખુશામતમાં ખાટયછે ખખડદાર રહે ખુશાલીયા
જોરાવરની બોલ બાલા ગરિબને દે ગાલીયાં- ભાઇ૦

ચંદ્રસિંહ— ૧૯

નમું નમું નમું ઉમિયાવર હું જય જય જય જયશંકર તું
મદન માર શીષ શશિ ધરતું વરદાયક વિશ્વંભર તું
ત્રિનયન ત્રિપુરારી ત્રિવિધિ તાપ હરતું ટેક૦
સામ્બભવથી તારજે તું અમારૉ પાપો બાળજે તું
કર્મ બંધન ટાળજે તું ભક્તિ પંથે વાળજે તું
અર્જ ઉરે આધાર તું—નમું નમું.

શુલપાણી શંકર પુરો દાસ તણી સૌ આશ
ભકત વત્સલ ભોળા દીયો નિજ ચરણે નિવાસ—નમું૦

૨૦

શિયળવતી—માનો માનો પ્રતિધીર રૂક રામાનું શરીરં
ચંદ્રસિંહ—થાણી દે શંકા તજી. ટેક.
શિયળવતી—માન શુકને અધીર બનીશું કંપે શરીર
ચંદ્રસિંહ—રહે ભગવાન ભજી.
શુભ અશુભ શુકન મળે ધાર્યું થાય કીરતાર
ફરેન કરોડ ઉપાયથી બનેજ બનવા કાળ
ભર નાતું નેણે નીર સધ આવું મળી વીર
સુંદરી જા સમજી—

સુધરભટ્ટ— ૨૧

જાઉં જાઉં જાઉં દરબારમાં દઇ દોટ
લાવું લાવું લાવું ઇનામને હું ચડીચોટ
શાલજોટો ખેસ મોટો પાઘડી જરીનો કોટ
પછી બેશ સજી વેશ જાઉં સાસરે સચોટ—જાઉં૦
વારેવા વારેવા દેખી દારા થશે લોટ પોટ
હારેહા હારેહાં પ્યારી પાશે પછી અધરોષ્ટ
લટકે મટકે ભોળવી લાવું હું ભામા ભોટ
રમકે ઠમકે આવતાં પછી રહી શાની ખોટ—જાઉં૦

સર્વ— ૨૨

અરેહાય અરેહાય અરેહાય અરેહાય અરેહાય હાય
ગેબી કાળ સોટા પ્રાણુ પવન ગોટા
પાણીનો પરપોટા દીસે દેહ ખોટા હાય પલકમાં પડી જાય
માટીની કાય કાચી કળાય શ્વાસ જતાં માટીમાંજ સમાય.

ખુશાલીયો— ૨૩

આવા રાખેલી રંડાના હાસડા જોજો ફ્રાકટ ફુલાતા ફાંકડા
થાળી પીરસેલ ઠેલીને એઠાં ખાપ ખવાસડા— ટેક.
પરણેલી પુષ્પે પુંજે તોયે મુર્ખ માંકડા છુટેલ કાછડા
દોડયા દોડયા જાય ધક્કા પાટુ ખાય રાખેલીના હાય બનીરાંકડા
ભાવે ભજે ઘરની તેને દઈ ગાળો ગાંસડા વઢેલ વાછડા
લાજ મુકી જાય ઓશિયાળા થાય ખાંત ધરી ખાય ખુબખાસડાં

શિયળવતી— ૨૪

વહાવે વિભુ વખત આ દીન વાણી
શરણુની લીયો સાર સારંગ પાણી
કમોતે મરૂં હું કરૂં જીવ હાની
જીવન વિના વ્યર્થ આ જીંદગાની—
પ્રાણુ વિનાનું પીંડ જેમ નીર વિનાનું નવાણુ
શુન્ય ઘણાં સંખ્યા વિના વિધવા તેમ પ્રમાણુ
-હૃદય હાય ફાટે હતી જેહ રાણી

બની તે બંધીવાન બેડી જડાણી
ઉગારો અવિનાશરે દયા આણી
નહિં તો ચરણુમાં લીધો ઝટ તાણી વહાવે૦

ભુધરભટ્ટ— ૨૫

કામીની કજીયાળી મળી તેની દશા અવળી
ભામીની વદે વિષભરી જીભ સજેલી છરી—ટેક.
જરી જરી વાતે પડે લડી ઓ હરિ આ જાત તેં શિદ ઘડી
ઉર વીંધે શાયડી સમાન બાયડી વેણુ વળી
કુભાર્યા ના કંથને પુછો કાં અનુભવ હ્યો કરી. કામીની૦
શાણી ભલી કાળી કે કુબડી, કાણી, ખોડી, લુલી, કે લંગડી
પણ ભુંડી રૂપાળી કંકાસણી વઢકારી અને વ્યભિચારણી
દયા વિનાની દારા બદલતાં લીએ પ્રાણુ હરી. કામીની૦

ખુશાલીઓ— ૨૬

આહાહા! બંદોબન્ધો ઢોંગ રચી મ્હોટો માલદાર.
વારેવા! દુનિયામાં પૈસાની દીસેછે બધી બહાર
હાંરે હાં! લીલાલ્હેર લક્ષ્મીનીછે આ પૃથ્વી મોઝાર. ટેક.
બોલાય આ જગમાં જરની બલીહાર
બસ જર જન્ન જીવનહાર
પૈસો દોઢ પરમેશ્વરછે ભાઇ આ વાર
દુર્ગુણ સર્વ એમાં ઢંકાનાર. આહાહા.

ખસ પૈસા પૈસા પૈસા વાપૈસા વાપૈસા.
તુંછે સૌનો સરદાર સૌ સગાંને સંબંધી
માત, તાત, ભ્રાત, છેખરે તું વડે ચાલે સંસાર. આહાહા.

ભદ્રા— ૨૭

મન્ન શું મુઝાય ધાર્યું ધણીનુંજ થાય
પેસ પૃથ્વીમાંય થવાનું તે નિશ્ચે થાય. ટેક.
સરિતાનું પુર ખા.ળ્યું કોનાથી ખળાય
વર્ષા વાદળ ચડયું વરસવા ના રોકયું રોકાય.
છળે કળે ધન સુખે મેળવી હર્ષાય
ચોર અગની કે રાજા દંડે ઉલટું ગાંઠનું જાય. મન.
સંપતી, વીપતી, પ્રભુજી આપે તેહ ભોગવાય, વૃથાજાય, ઉપાય
સુખને દુઃખતે વિધિના લેખ પ્રમાણે પમાય. કલ્પાય, શુંથાય,
ધીરતા, સમતા ધરતાં, વિભુ થાય સહાય. મન.

ભરતસિંહ— ૨૮

નેક, ટેક, દ્રઢ ધીરતા, ધરતાં સૌ દુઃખ વામશે,
માસ છમાસ, સંવત્સરે જીવતો નર ભદ્રા પામશે.

ભરત—ભદ્રા— ૨૯

આહાહા ! આહાહા ! ખુલ્યા ભાગ્યના ભંડાર
વારેવા ! વારેવા ! તુઠયા ત્રીભુવનાધાર

રસીલી રંગીલી બેટી તું હૈયાહાર
છબીલા છોગાળા પામી હું પ્રાણાધાર.—ટેક.
લટકાળા-હૃદયે ચો દબાવી રસીયાજી રસમાં દ્યો ભીંજાવી.
અલબેલી -હૃદયે લે લજાવું મદ ઘેલી ભુજમાં લે દબાવું.
જીવિત ધન્ય ધન્ય વારૂં હું તનમન.
મનના માન્યા મળ્યા. મનોર્થ મારા ફળ્યા. આહાહા.

ઝવેરી— ૩૦

હું નૌત્તમ નખરાં વાળી જોબન મદમાતી નાર
એક આંખતણે અણુસારે, કરૂં ખલક બધાને ખ્વાર—ટેક.
છળ બળમાં છેલ અપાર, લટકે લોભાવ્યા યાર
મન માન્યા પ્રાણાધાર, કીધા ધન તનથી પાર
પુજાણી તોયે પ્રીતે ભકતાણી થૈ સંસાર. હું૦
હું રંગ રસમાં ગરકાવ, કરૂં -હૃદય હાવને ભાવ
જાણું મન હેરણ દાવ, માણું મન મોહન માલ
એ રૂપાળા રઢીયાળા રતિપતિ સમ રાજ કુમાર. હું૦

વારાંગનાઓ— ૩૧

શાણા સુરપતી સમ સૃષ્ટી પતી, શોભે સુજાણ સમાન—ટેક.
કીર્તી ધન ધનનન, આજે રાજે તખ્તે આજે
ધર્મ ધુરંધર ધરણી ધણીના ગાઓ સૌ મળીગાન—શાણા૦
ચોગરદમ દિનકરસમ પ્રતાપ પ્રૌઢો પ્રસરાયો

ગાયે ગુણુ ગુણિજન, બંદીજન, તનનન તાન—શાણુ૦
વિજય વિજય વિશ્વે વિજય
બહાદુર બંકા. નૃપ નિઃશંકા, સુયશ ડંકા.— શાણુ૦

ત્રીજો અંક.

ભદ્રા— ૩૨

જય ગંગાધર, ગવરીપતી, ગુણુસાગર
ભોળા ભવતારણુ ભયહર
જય ઉમાવર કલમતી, અભરાભર
અધમ ઉદ્ધારણુ શશીધર
દયાળુ બહુ દીધા અગણિત જનને માગ્યાવર
અગમાગામી સ્વામી બહુ નામી મનવાંચ્છિત કર. જય૦
ધારૂં પ્રીતે, હું ચીતે ચારૂ તવ ચરણુ કમળ.
ગાઉ ગીતે હું નીત્યે ભકતીના ગાન તારા વિમળ
ભવસાગરથી તારો ગ્રહી કર, દીર્ધાયુષી કરો મારા પ્રીયવર. જય.

૩૩

ભદ્રા—જાઓ (૨)જાણ્યા ઠગારા મને ના બોલાવશો કપટી લાલા
ભરત—આવો (૨)અલેલીબાળા રતીરસપાઓ રમણીરસવાળા.ટે.
ભદ્રા—ધુતારા, ઠગારા. ભોળી ભોળવવાના મુકી ઘોને ચાળા

ભરત–પ્રેમાળાં, રસાળાં, રોષતજો પદમણી પ્રીતીશાળા.–જા૦
ભદ્રા—વાલા કામણગારા મધુરાં વેણે કરી આધિન છોગાળા
ભરત–આહા! ચતુરબાળા લટકે ચટકે લોભાવ્યો લટકાળાં
ભદ્રા—તાલાવેલી રંગરસ રમવા રસાળા
ભરત–ચાલો અલબેલી શોભાવો શયન શાળા. જા૦

પુતળીડોશી— ૩૪

આનંદ વર્ત્યો આજભારી મારો લાડકડો લાવ્યો લાખેણી લાડી
નાચું કે કુદુ હું હર્ષ ન સમાય ઉરમાંહી હર્ષે થઇશ હું ગાંડી
ભુધર–સુકય ઝટ મોડ ચોઘડીયું શુભ છે આભારી
જાગ્તી આ જોડ વરઘોડીયાંને પોંખીલ્યે માડી–આનંદ.
જયા–હો સાસુજી મારી ઘો રેશમી સાડી હુ નવીનારી, હાર્યુંમાણુંદાડી
ભુધર–વાવા વાવા રમણી મળી રૂપાળી
ત્રણે–આહાહા લીલાલ્હેર આજ થઇ સારી. આનંદ.

ભરતસિંહ— ૩૫

ભરત–કમળાક્ષી કાન્તા કળકળમાં નીરને ગ્રે ભરમાં પ્રાણાધાર
ચન્દ્રમુખી ચિત્ત ચિંતા તજ ચતુરા હું હમણાં આવીશનાર
ભદ્રા—વેરીના વાસમાં જશો ના વાલમા
ભરત૦–ભામની ભરોંસો રાખ વારેછે કીરતાર
ત્યાં અપાર શત્રુ પણ આંધળા થનાર
જળમાં કે પૃથ્વીતળમાં પ્રાણુની મોરાર

રાખે ભાળ, પગલે પગલે લે સંભાળ

ભદ્રા—વિયોગે વાલમા, પડશે પ્રાણ આ—કમળાક્ષી૦

ભરતસીંહ— ૩૬

મુગ્ધા મનોહારિણી મલપતી રતી હાય કયાં ગઇ
ગોરી ગુલબદની, ગુણવંતી સતી ગુમ કયાં થઇ. ટેક
ભાગ્ય દેવી ભુંડાં તું ભમાવે સું ભવાબ્ધી મહીં
રાંકને રીબાવે શું નમેરી તું દુઃખકારી દઇ-મુગ્ધા.
ઓ વ્હાલી તું મારી ઝટ આવય અહીં
લે પ્યારી ઉગારી દરશન દઇ
વ્હાલી તુજ વિયોગ વેઠાશે નહીં
થાકયો સુંદરી હવે સંકષ્ટો સહી. હાય ગૈ,દુઃખ દૈ,પ્રાણ લઇ

બાહારવટીયા-(જોગીયો)

ભાઇ જોને જાગી પ્રાણી જોને જાગી
સુતો શું અભાગી, એલા કાળ હાક વાગી,જોને જાગીહોજી-ટેક
હું હું કરતો હડકાયા, રઝયો દીને રાત (૨)
પુત્ર પત્ની લુંટી ઝુંટી દેશે જમ હાથ-જોને જાગી હોજી-
ગુવા અભીમાને છકયો બકયો ખુમરાણ [૨]
જુઠી કાયા માયા છાંયા વાદળની પ્રમાણ જોને જાગી હોજી
ખળખળું આ કાયા દેવળ ચેતરે અચેત (૨)
અંગ સૌ બેઢંગ બન્યાં, કેશ થયાં શ્વેત. જોનેજાગીહોજી.

રોગે ઘેરાયો રગરગ, ભુંડા કાંઇ સમજ (૨)
મૂરખ મમતા મુકી ભાવેં,ભવતારણને ભજ. જોનેજાગીહોજી

ભરતસિંહ— ૩૮

અહા અદભુત કૃતી તારી અવિનાશી
જગમાં માયા અજબ રંગે તેં પ્રકાશી
ભાસું ભૂપર દ્રષ્ટી નાંખી રચના ખાસી
તવ કૃતી વિચિક્ષણ સૌ વીશ્વ વીલાસી—ટેક
કોઇ શીરે છત્ર છાજતાં સુખરાશી
કોઇ ઘરઘર માગતા મોં વીકાશી
કયાંઇ મંગળ ગીત કયાંઇ ધડાપીટ
રંગ રાગ પ્રીત. કહીં હાર જીત.
રચી પ્રાણી પુતળાં તેં સૃષ્ટિવાશી
રાખી સર્વ શીરેં વળી કાળ ફાંસી—આહા.

ભરતસિંહ— ૩૯

પ્રાણી દુઃખના દીન દેખીને દીલે ધરતો ના જરી દીલગીરી
તેમ સુખ સદા નથી ટકનાર શાણા જોજે છલકાતો જરી. ટેક
જગ ઘટમાળ ઘડા કંઇ ભરાય ઠલવાય ફુટીજાય વળી
પ્રભાતમાં પુષ્પ કળી ખીલી, મધ્યાને કરમાય, સાંજે પડે
ખરી. પ્રાણી૦
વસન્તમાં પાન ખરે, ગ્રીષ્મે આવે કુંપળી

જળ ત્યાં સ્થળ કરે દે સ્થળ ત્યાં જળ ભરી
ક્ષણુ ક્ષણુમાં જુજવા ખેલ ખેલ શ્રી હરી.
દોરી દૈવાધીન છે સુખ દુઃખની ખરી—પ્રાણી૦

શુકેલ-ઝવરી-ખુશાલીયો— ૪૦

આહાંહા (૨) મળી ગઇ આતો ઠગની ત્રીપુટી
વારે વા (૨) વીભુએ એકઠી કીધી ચુંટી ચુંટી
ઝવરી—છળથી કળથી હૈયા ફુટા ધૂતી, નેણુથી વેણુથી ઠગ્યા દઇ જુતી.
ખુશાલ—ઢોંગથી, સોંગથી, બંદે મારી કુટી, ધનને જનને લીધાં લુંટી ઝુંટી—
શુકેલ—હું પણુ ઓપજી ભુંસીને ભભુતી, બનીને ઓમણુ લીધું જગ ધૂતી.
સિપાઈ—પકડો પાપીને પડો ત્રુટી, બાંધો હરામી ન જાય છુટી
ત્રણે—હાય બાપ ગયો ઘડો ફુટી, ઓ પ્રભુજી હવે આવરદા ખુટી

ભરતસિંહ ભદ્રા— ૪૧

રાજ તાજ સુખ સાજમાં, ભરતનહિં જીવ જામશે
ભદ્રા વિણુ મરવું હવે, જીવતો નર ભદ્રા પામશે.

સર્વ પાત્રો— ૪૨

જય જય જય નેકી ટેકી તણો જય જય,
ક્ષય ક્ષય ક્ષય છળ કપટીનો અંતે ક્ષય.
વા વા વા સતીયાને સૃષ્ટીમાં કષ્ટીથી
ઉગારી પ્રભુજીએ આપ્યો સુસમય
નીતી ન્યાયેં જય પાપી પ્રપંચીનો ક્ષય—
જેવી કરણી તેવાં ફળ નક્કી મળે
અંતે સત્યનો સ્વામી શ્રીહરી કરે વીજય—જય૦

સંપૂર્ણ.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી વાંકાનેર સત્યબોધક નાટક કમ્પનીના મુકામપરથી મળશે. સામટાં લેનારને યોગ્ય કમીશન આપવામાં આવશે. વેલ્યુપેબલ કે નાટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

				કી. રૂ. આ. પા.
ભરત-ભદ્રા	નાટકનાં	ગાયનો	,,	૦-૨-૦
કુસુમ-કમળા	,,	,,	,,	૦-૨-૦
રાધા-કૃષ્ણ	,,	,,	,,	૦-૨-૦
વસંત માલીની	,,	,,	,,	૦-૨-૦
કીશોર—કાન્તા	,,	,,	,,	૦-૨-૦
કરણસિંહ	,,	,,	,,	૦-૨-૦
તુકારામ	,,	,,	,,	૦-૨-૦
નરસીંહ મહેતો	,,	,,	,,	૦-૨-૦
ચંપક-ચાતુરીકા	,,	,,	,,	૦-૨-૦
હરિશ્ચંદ્ર	,,	,,	,,	૦-૨-૦
સોબતે અસર જુલ્મે પીદર		,,	,,	૦-૨-૦
મીરજા શેદા	,,	,,	,,	૦-૨-૦
સદેવંત-સાવલીંગા		,,	,,	૦-૨-૧
સતી સોન-હલામણ		,,	,,	૦-૨-૦

લી.

ગ્રન્થકર્તા.